# SHREE MATAJI NI STUTI

ભૂલો પડી ભવ રણે ભટકું ભવાની
સૂઝે નહિ લગીર કોઈ દિશા જવાની
ભાસે ભયંકર વળી મનના ઉતાપો મામ્...૨

આ રંકને ઊગરવા નથી કોઈ આરો
જન્માંધ છું જનની હું ગ્રહી બાંહ્ય તારો
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો મામ્...૩

મા કર્મ જન્મ કથની કરતાં વિચારું
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું
કોને કહું કઠન યોગ તણો બળાપો મામ્...૪

હું કામ, ક્રોધ, મદ, મોહ, થકી છકેલો
આડંબરે અતિ ઘણો મદથી છકેલો
દોષો થકી દુષિતનાં કરી માફ પાપો મામ્...૫

ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું
ના મંત્ર કે સ્તુતિ કથા કદી કાંઈ કીધું
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો મામ્...૬

રે! રે! ભવાની બહુ ભૂલ થઈ જ મારી
આ જિંદગી થઈ મને અતિશે અકારી
દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો મામ્...૭

ખાલી ન કાંઈ સ્થળ છે વિણ આપ ધારો
બ્રહ્માંડમાં અણુ અણુ મહીં વાસ તારો
શક્તિ ન માપ ગણવા અગણિત માપો મામ્...૮

પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો
ખોટો ખરો, ભગવતી પણ હું તમારો
જાડ્યાંધકાર દૂર કરી સુબુદ્ધિ આપો મામ્... ૯

શીખે સૂણે રસિક છંદ જ એક ચિત્તે
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચીતે
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો મામ્...૧૦

શ્રી સદ્‌ગુરુ શરણમાં રહીને યજું છું
રાત્રિ દિને ભગવતી તુજને ભજું છું
સદ્‌ભક્ત સેવક તણા પરિતાપ ચાપો મામ્...૧૧

અંતર વિશે અધિક ઊર્મિ થતાં ભવાની
ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાની
સંસારના સકળ રોગ સમૂળ કાપો મામ્...૧૨

તારા સિવાય જગમાં નથી કોઈ મારું
સાચા સગા ભગવતી બહુમેં વિચારું
ભૂલું કદાચ ભવપાશ પ્રસંગે
માગું ક્ષમા ત્રિપુરસુંદરી એ પ્રસંગે મામ્...૧૩